# શિમશોનનાં પરાક્રમો

## (ફાધર વર્ગીસ પોલ)

બાઈબલ કહે છે, “પલિસ્તીઓના સમયમાં શિમશોને ઈસાયલમાં વીસ વર્ષ કાળજીપણું કર્યું.”

બાઈબલના ‘કાજી’ ગ્રંથમાં શિમશોન અંગેની વાતોમાં એને ઈસાયલના એક કાજી તરીકે ચીતરવાનો પ્રાયસ થયો છે. પરંતુ શિમશોનના વૃત્તાંતોમાં એના કાજીપણાની કાઈ વાત નથી. તે કાજી થઈને ઈસાયલીઓને ન્યાય-અન્યાયનો ચુકાદો આપતો નથી, તે લોકોનો સૈનિક યોદ્ધા નથી કે નથી ધાર્મિક આગેવાન. તે એક લોકપ્રિય પરાક્રમી પુરુષ છે. તે હકર્યુલિસના જેવો જોરાવર બહાદુર છે.

બાઈબલના કેટલાક શૂરવીર માણસોની જેમ શિમશોનના જન્મ સાથે કેટલીક ચમત્કારિક વાતો સંકળાયેલી છે. શિમશોનનો જન ઈસાયલના દાનવંશમાં થયો હતો. તેના પિતા માનોહની પત્ની વાંઝણી હતી, એક દૂતે તેને દર્શન દઈને કહ્યું, “તું વાંઝણી છે. પણ હવે તને ગર્ભ રહેશે અને પુત્ર અવતરશે. તેને માથે અસ્રો અડવો ન જોઈએ. કારણ, એ છોકરો જન્મથી જ ઈશ્વરને સમર્પિત થવાનો છે. પલિસ્તીઓના હાથમાંથી ઈસાયલોને છોડવામાં પહેલ એ કરનાર છે.”

પછી તે બાઈએ એક પુત્રને જન્મ આપ્યો અને તેનું નામ શિમશોન પાડયું. છોકરો મોટો થયો અને તેને પ્રભુના આશીર્વાદ મળ્યા. તે સોરા અને એશ્તાઓલ વચ્ચે દાનની છાવણીમાં હતો, ત્યારે પ્રભુના પ્રાણે તેને પ્રેરવાની શરૂઆત કરી.

યુવાન શિમશોન એક પલિસ્તી છોકરીના પ્રેમમાં પડયો. તેણે પોતાનાં માબાપને કહ્યું, “તિમ્નામાં મેં એક પલિસ્તી છોકરી જોઈ છે. મારે તેને પરણવું છે. તમે એને મેળવો.” પણ તેનાં માબાપ ઈચ્છતા હતા કે તે પોતાના સગા કે પોતાના આખા વંશમાંથઈ કોઈ છોકરીને પરણે. પરંતુ શિમશોન પોતાના નિર્ણયમાં અફર રહ્યો, એટલે શિમશોનનાં માબાપ એને લઈને તિમ્ના ગયાં. રસ્તામાં શિમશોનનાં માબાપ જરા આગળ નીકળી ગયાં હતાં ત્યારે તિમ્નાની દ્રાક્ષની વાડીઓમાંથી એક પ્રૌઢ સિંહ ગર્જના કરતો શિમશોન તરફ ધસી આવ્યો એના હાથમાં કોઈ હથિયાર નહોતું તેમ છતાં તેણે સિંહને જાણે લવારું ન હોય તેમ ચીરીને ફાડિયાં કરી નાખ્યો. પણ તેણે પોતાનાં માબાપને વાત કરી નહિ.

થોડા દિવસ પછી તિમ્નાની છોકરીને પરણવા શિમશોન એ જ રસ્તે ગયો. પોતે મારેલા સિંહનું મડદું જુએ છે તો તેમાં મધમાખીઓએ મધપૂડો બાંધ્યો હતો. તેણે થોડું મધ પોતાના હાથમાં લીધું અને ખાતો ખાતો ચાલવા લાગ્યો.

પોતાના સમયના રિવાજ મુજબ શિમશોને લગ્ન પછી કન્યાને ઘેર મિજબાની આપી. એમાં એણે ત્રીસેક પલિસ્તીઓને આમંત્રણ આપ્યું હતું. શિમશોને તેમને કહ્યું, “હું તમને એક ઉખાણું પુછું છું.” મિજબાનીના સાત દિવસ દરમિયાન ઉખાણાનો જવાબ આપવામાં આવે તો બદલમાં ત્રીસ ઝીણાં શણિયાં અને ત્રીસ જોડા કપડાં આપવાનું નક્કી થયું.

પછી શિમશોને ઉખાણું કહ્યું, “ભક્ષકમાંથી ભક્ષ્ય નીકળ્યું, બળિયામાંથી માધુર્ય નીકળ્યું.”

પલિસ્તીઓને ઉખાણાનો જવાબ મળ્યો નહિ. એટલે તેઓએ શિમશોનની વહુને ધમકીના સ્વરમાં કહ્યું “તારા ધણીને પટાવીને આ ઉખાણાનો જવાબ જાણી લે. નહિ તો અમે તને અને તારા બાપના ઘરને બાળી મૂકીશું.”

શિમશોની વહુ રોજ એની પાસેથી ઉખાણાનો જવાબ મેળવવા પ્રયત્ન કરતી. પણ છેલ્લા સાતમે દિવસે તેણે એવી તો હઠ પકડી કે શિમશોને તેને ઉખાણાનો જવાબ કહ્યો અને શિમશોનની પત્નીએ તે પોતાના લોકોને કહી દીધો. એટલે સાતમે દિવસે લોકોએ શિમશોનને કહ્યું.

“મધ કરતા મીઠું શું ? સિંહ કરતાં બળિયું શું ?”

એટલે અશ્કલોન જઈને શિમશોને 30 માણસોને મારી નાખ્યા અને તેમના કમરપટા લઈ લીધા અને તેમનાં વસ્ત્રો ઉખાણું ઉકેલનારાઓને આપી દીધાં અને ક્રોધથી ધૂંઆપૂંઆ થઈને તે પોતાના બાપને ઘેર ચાલ્યો ગયો. ત્યાર પછી શિમશોનની વહુને તેના અણવર સાથે પરણાવી દેવામાં આવી.

થોડા વખત પછી શિમશોન પોતાની પત્નીની ઘેર ગયો. પણ પોતાની પત્ની બીજે પરણાવી દીધાની વાત સાંભળીને શિમશોને કહ્યું, “આ વખતે જો હું પલિસ્તીઓને નુકસાન કરું તો કોઈ મારો વાંક કાઢી શકે એમ નથી.”

પછી શિમશોને ત્રણસો શિયાળવાં પકડયાં અને બબ્બે શિયાળ પૂંછડી બાંધી વચમાં એક એક મશાલ ખોસી દીધી. પછી તેણે મશાલો સળગાવી અને શિયાળવાંને પલિસ્તીઓના પાક ભર્યા ખેતરોમાં છૂટાં મૂકી દીધાં. આ રીતે તેણે પલિસ્તીઓના લણેલા પૂળા, ઊભો પાક, જૈતૂનની અને દ્રાક્ષની વાડીઓ પણ બાલી મૂકી.

પોતાની સાથએ થયેલા સસરાના અણવર્તાવ સામે બદલો લેવા માટે શિમશોને એ નુકસાન કર્યું છે એમ જાણીને પલિસ્તીઓએ તેની છોકરીને અને તેના બાપના ઘરને બંનેને સળગાવી મૂક્યાં. આથી વધુ ઉશ્કેરાઈને શિમશોને પૂરી તાકાતથી પલિસ્તીઓ ઉપર તૂટી પડી તેમનો ઘાણ કાઢી નાખ્યો. પછી તે એટામ પાસેના ખડકની ગુફામાં જઈને રહેવા લાગ્યો.

એટલે પલિસ્તીઓએ યહુદામાં છાવણી નાખી અને યહૂદા સામે લડવા આવ્યા. આથી યહૂદાના ત્રણ હજાર માણસોએ શિમશોન પાસે જઈને વાત કરી કે અમે તને બાંધીને પલિસ્તીઓને સોંપી દેવા આવ્યા છીએ. કારણ, અમે પલિસ્તીઓના તાબેદાર છીએ અને તે અમને કફોડી સ્થિતિમાં મૂકી દીધા છે. પોતાને મારી ન નાખવાની શરતે શિમશોન એમના શરણે થયો અને તેમણે તેને બે નવાં દોરડાં વડે બાંધ્યો અને ગુફામાંથી પાછો આણ્યો.

પલિસ્તીઓ જયનાદ કરતા કરતા તેની સામે આવ્યા. પણ પ્રભુની શક્તિએ શિમશોનમાં સંચાર કર્યો, અને તેણે હાથે બાંધેલાં દોરડાં તોડી નાખ્યાં, ગધેડાનું એક તાજું જ જડબાનું હાડકું નજરે પડતાં તેણે તે ઉપાડી લીધું અને તેના વડે હજાર માણસોનો ઘાણ કાઢી નાખ્યો.

શિમશોન ત્યાંથી ગાઝા ગયો. ત્યાં તેણે એક વેશ્યા જોઈ ને તે તેના ઘરમાં ગયો. ગાઝાના લોકોએ એને પકડવાનું કાવતરું રચ્યું. પણ મધરાતે ઊઠીને તે શહેરના દરવજાનાં બારણાં અને બારસાખ હચમચાવી ઉખાડી નાખીને શહેર બહાર ચાલ્યો ગયો.

પછી શિમશોને સોરેકની ખીણાં રહેતી દલિલા નામની એક સ્ત્રીના પ્રેમમાં પડયો, પલિસ્તીઓના સરદારોએ તે બાઈ પાસે જઈને એના પતિને પટાવીને એના જોરનું રહસ્ય જાણી લઈને એમને જણાવવાનું કહ્યું, બદલામાં દરેક જણ તેને અગિયારસો ચાંદીના સિક્કા આપશે એમ નક્કી થયું.

આથી દલિલાએ શિમશોનને કહ્યું, “મને કહો ને, તમારામાં આટલું બધું જોર શાથી છે ? તમને બાંધીને લાચાર બનાવી દેવા હોય તો શું કરવું પડે ?”

શિમશોને દલિલાને ત્રણેક વાર જુદા જુદા પણ ખોટા ઉપાયો બતાવીને પોતાની પત્નીની હાંસી ઉડાવવા દીધી. છતાં દલિલાએ રોજ રોજ તેને પૂછી પૂછીને એવો તો હેરાન કરી મૂક્યો કે આખરે થાકીને તેણે તેને સાચી વાત કરીઃ “જો મારું માથું મૂંડી નાખેલા વાળ ફરી ઊગવા લાગ્યા.”

એક દિવસ પલિસ્તી સરદારો તેમના દેવ દાગોનને મોટી આહુતિ ચડાવવા મંદિરમાં ભેગા થયા. અને બધા લોક ગમ્મત કરાવવા માટે શિમશોનને કેદખાનામાંથી મંદિરે લાવવામાં આવ્યો.

પોતાને મંદિરમાં દોરી લાવનાર છોકરાને શિમશોને કહ્યું, "હું મંદિરના મુખ્ય ટેકારૂપ થાંભલાને અડી શકું એ રીતે મને ઊભો રાખ. જેથી હું તેને અઢેલી શકું." મંદિર સ્ત્રીપુરુષોથી ખીચોખીચ ભરેલું હતું. બધા જ પલિસ્તી સરદારો ત્યાં હાજર હતા અને આશરે ત્રણ હજાર સ્ત્રીપુરુષો ધાબા ઉપર શિમશોનના ખેલ જોતા હતા.

શિમશોને પ્રભુને પ્રાર્થના કરી, "ઓ પરમેશ્વર પ્રભુ, મને સંભાર અને આટલી એક વાર મને એવું બળ આપ કે જેથી હું મારી બે આંખોનો બદલો આ પલિસ્તીઓ ઉપર એકીઝપાટે લઈ શકું."

પછી મંદિરના ટેકારૂપ વચલા બે થાંભલે તેણે બાથામાં લીધા અને બધું બળ વાપરીને જોર કર્યો અને મંદિરમાં ભેગા થયેલા સરદારો અને બધા લોકો ઉપર તૂટી પડયો. આમ, તેણે જીવનમાં નહિ માર્યા હોય એટલાં માણસોને મરતાં મરતાં મારી નાખ્યાં.

તેના ભાઈઓ અને કુટુંબીજનો તેનું શબ લઈ ગયા અને તેના બાપ માનોહની કબરે તેને દફનાવ્યો.

બાઈબલના જૂના કરારમાં બીજે ક્યાંય જોવા ન મળે એવી માહિતી અને વિગતો આપણને શિમશોનની કથાઓમાંથી મળે છે. એમાં આપણને ઈસાયલીઓ અને પલિસ્તીઓ વચ્ચેના સંબંધ અને અરસપરસના વ્યવહારનો સાચો ખ્યાલ મળે છે. એ સંબંધમાં એક બાજુ આંતર્ધર્મીય લગ્ન હોય તો બીજી બાજુ ખતરનાક યુદ્ધ અને નરસંહાર હોય છે. શિમશોનને લગતી કથાઓમાં સારા પ્રમાણાં મિર્ચમચાલાની ભેળસેળ કરવામાં આવી છે. તોપણ એના મૂળમાં વાસ્તવિક પરિસ્થિનો પણ આપણને સારો ખ્યાલ મળે છે.

(છેલ્લે બદલ્યાની તારીખઃ 16-10-2006)

(ફરી બદલવાની તારીખઃ 01-11-2006)

ફાધર વર્ગીસ પોલ (ઝ) કોપીરાઈટ 2006